### દારૂ ખાલી કરવા ટાયર નીચે વાલ્વ અને પાછળની લાઇટમાં ઢાંકણ ફિટ કરી દીધું હતું

# બુટલેગરની નવી તરકીબ : કારમાં ત્રણ ગુપ્ત ટાંકીઓ બનાવી 245 લિટર દારૂ ઠાલવી દીધો

**ગોવાથી** લવાયેલો રૂ.3.91 લાખનો દારૂ અને કાર સહિત રૂ.9.17 લાખનો મુદ્દામાલ કબજે




(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરામાં વિદેશી દારૂની હેરાફેરી કરનાર બુટલેગરો નવી-નવી તરકીબો અજમાવી રહ્યા છે. તાજેતરમાં પીસીબી પોલીસે એક બુટલેગરને પકડી પાડી કારમાં ખાસ બનાવેલી ત્રણ ગુપ્ત ટાંકીઓમાં 245 લિટર વિદેશી દારૂ ભરી લાવવામાં આવ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો કર્યો છે. દારૂ કાઢવા માટેના વાલ્વ પણ ટાયર નીચે છુપાવવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ, દંતેશ્વર વિસ્તારની ચિત્રાનગર સોસાયટીમાં રહેતો અમિત મણીલાલ સોલંકી ગોવામાંથી વિદેશી દારૂ ખરીદી કારમાં બનાવેલી ટાંકીઓમાં ભરી વાયા તરસાલી વડોદરા તરફ આવી રહ્યો હતો. પીસીબી પોલીસ તરસાલી શાક માર્કેટ પાસે પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી, જેના આધારે વોચ ગોઠવી બુટલેગરને કાર સહિત ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસે તપાસ કરતાં કારની પાછળની લાઇટ, શીટની પાછળ અને અન્ય ગુપ્ત જગ્યાઓમાં ફિટ કરેલી ત્રણ ટાંકીઓમાંથી 245 લિટર છૂટો દારૂ મળી આવ્યો હતો. દારૂ કાઢવા માટેનો વાલ્વ પાછળના ટાયર ઉપરના ગાર્ડમાં છુપાવેલો હતો. તપાસમાં બહાર આવ્યું કે આ ટાંકીઓ રાજસ્થાન ખાતે ખાસ બનાવડાવવામાં આવી હતી.

પીસીબી પોલીસે આરોપી પાસેથી વિદેશી દારૂની બોટલ નંગ-5 (રૂ.24,000), છૂટો વિદેશી દારૂ 245 લિટર (રૂ.3.67 લાખ), એક ફોર વ્હીલર કાર (રૂ.5 લાખ), રોકડા રૂ.16,000, બે મોબાઈલ ફોન (રૂ.10,000) મળી કુલ રૂ.9.17 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. સમગ્ર મુદ્દામાલ અને આરોપીને આગળની કાર્યવાહી માટે કપુરાઈ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

પોલીસ તપાસમાં ખુલ્યું છે કે બુટલેગર ગોવામાં અલગ-અલગ બારમાંથી દારૂ ખરીદી વડોદરા લાવી છૂટક વેચાણ કરતો હતો. પોલીસે આ નેટવર્ક અંગે વધુ તપાસ શરૂ કરી છે.

## પાર્કિંગના વિવાદમાં પાડોશીનો ચપ્પુથી હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.6

વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલી સમૃદ્ધિ આનંદમ સોસાયટીમાં પાર્કિંગના મુદ્દે માનવતા અને કાયદાના ધજાગરા ઉડ્યા છે.

ફ્લેટ D-303માં રહેતા વિવેક નવીનભાઈ પરમારે D-404ના રહીશ નીરવ પટેલ પર સાંજે 5:30 વાગ્યે ચપ્પુથી જીવલેણ હુમલો કર્યો હતો. ઘટનામાં નીરવ પટેલ ગંભીર રીતે ઘાયલ થતાં તેમને સયાજી હોસ્પિટલમાં દાખલ કરાયા અને 10 ટાંકા આવ્યા. ભોગ બનનારની પત્નીએ સોસાયટીના પ્રમુખ નરેશ સોલંકી અને કમિટી સભ્યો આરોપીને સાથ આપી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો કર્યા છે.

આ ઘટનામાં પોલીસ દ્વારા કડક, નિષ્પક્ષ કાર્યવાહી જરૂરી છે. સ્થાનિકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોમાં ભય અને અસુરક્ષાની લાગણી ફેલાઈ છે.

### વડોદરામાં ભારદારી વાહનો બેકાબૂ!

# માતેલા સાંઢની જેમ ટ્રકે વુડા સર્કલ પાસે ત્રણ વાહનો ઉડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરા શહેરમાં ભારદારી વાહનો પર ટ્રાફિક પોલીસનો કોઈ અસરકારક અંકુશ ન હોવાની હકીકત ફરી એકવાર સામે આવી છે. અકસ્માત ઝોન તરીકે ઓળખાતા એલ એન્ડ ટી સર્કલ (વુડા સર્કલ) પાસે બેકાબૂ ટ્રકે માતેલા સાંઢની જેમ દોડી આવીને એક સાથે કાર સહિત ત્રણ વાહનોને અડફેટે લીધા હતા. સદનસીબે અકસ્માતમાં વાહનચાલકોને કોઈ ગંભીર ઈજા પહોંચી નથી, પરંતુ ત્રણેય વાહનોને મોટું નુકસાન થયું છે.

વુડા સર્કલ વિસ્તારમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માત કર્યા બાદ ટ્રકચાલક વાહન ઘટનાસ્થળે મૂકીને ફરાર થઈ ગયો હતો. માહિતી મળતાં જ પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો અને ટ્રાફિકને પૂર્વવત્ કર્યો હતો, જ્યારે ફરાર ચાલકની શોધખોળ શરૂ કરવામાં આવી છે.6 ફેબ્રુઆરીના રોજ શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા વુડા સર્કલ પાસે ભારે ટ્રાફિક વચ્ચે ઝડપે આવી રહેલા ટ્રકે પહેલા એક કારને અને ત્યારબાદ અન્ય બે વાહનોને ટક્કર મારી હતી. લોકોના જણાવ્યા મુજબ, સર્કલ પાસે આવેલી કોચિંગ ક્લાસિસમાંથી વિદ્યાર્થીઓ છૂટતા સમયે અવારનવાર ભારે ટ્રાફિક જામ સર્જાય છે, જેના કારણે અકસ્માતોની સંભાવના વધી જાય છે.સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોમાં આ ઘટનાને લઈને પોલીસ તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકોનું કહેવું છે કે શહેરમાં મોટા ભાગના અકસ્માતો ભારદારી વાહનોના કારણે થાય છે, છતાં ટ્રાફિક પોલીસ માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી કરી આંકડા વધારવામાં વ્યસ્ત રહે છે. પરિણામે, 'જૈસે થે' જેવી સ્થિતિ યથાવત્ રહે છે અને અકસ્માતોની વણઝાર ચાલુ જ રહે છે.

**ચાર સ્થળની પોલીસ તથા વીએમસીની ટીમે વિઝિટ કરી**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર તથા અધિક પોલીસ કમિશ્નર ડૉ.લીના પાટીલ (લો એન્ડ ઓર્ડર)ની સૂચનાથી શુક્રવારના રોજ નાયબ પોલીસ કમિશ્નર તેજલ પટેલ (પૂર્વ ઝોન) તથા ટ્રાફિક શાખા-પૂર્વના કર્મચારીઓ અને વીએમસીના એન્જીનિયર તથા ટીમ સાથે સંયુક્તમાં એલ એન્ડ ટી સર્કલ, સમા કેનાલ ત્રણ રસ્તા, વેમાલીગામ ત્રણ રસ્તા સુધીની સોમનાથ ચાર રસ્તા સુધીના સ્થળ વિઝીટ કરવામાં આવી હતી. ઉપરાંત વિસ્તારની ટ્રાફિકની સમસ્યાઓ અને જરૂરી સુધારાઓ બાબતે સ્થળ સ્થિતિનું અવલોકન કરીને સૂચનો કરવામાં આવી છે.

### મિલકતમાં હક ઉભો કરવા સાસરિયાઓનું કારસ્તાન : પરિણીતાએ વાંધા અરજી દાખલ કરી

# મૃતક પતિ અપરિણીત હોવાનું સાસરીયાએ ખોટું પેઢીનામુ બનાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

શહેરા તાલુકાની યુવતીના વર્ષ 2014માં સમાજના રીતરીવાજ મુજબ ગોત્રી વિસ્તારમાં રહેતા મહેશ પુનમભાઈ ઉર્ફે પુનાભાઈ માછી સાથે લગ્ન થયા હતા. દાંપત્ય જીવન દરમિયાન સંતાન ન હોવા વચ્ચે વર્ષ 2024માં પતિનું અચાનક હાર્ટ એટેકના કારણે અવસાન થયું હતું. પતિના અવસાન બાદ અંતિમવિધિ પૂર્ણ થયા પછી પરિણીતાને સાસરીમાં રહેવા નહીં દેવામાં આવતા તે છેલ્લા એક વર્ષથી પિયર ખાતે માતા-પિતા સાથે રહેતી હોવાનું જાણવા મળ્યું છે.

ફરિયાદી પીનલબેન રાજેશભાઈ માછીએ શહેરા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે સાસરીયાઓએ મિલકતમાં કાયદેસર હક ન મળે તે હેતુથી સુનિયોજિત રીતે છેતરપિંડી આચરી છે. એપ્રિલ 2025માં સીટી સર્વે કચેરીમાંથી પતિના નામે રહેલી મિલકતની નકલ કાઢતા જાણવા મળ્યું હતું કે આ મિલકત તેના સસરા પુનમભાઈ, સાસુ સુખીબેન તથા જેઠ રમેશચંદ્રના નામે ફેરફાર કરીને નોંધાઈ ગઈ છે. વધુ તપાસમાં ખુલ્યું હતું કે આરોપીઓએ મૃતક મહેશકુમાર માછી પરિણીત હોવા છતાં તેમને અપરિણીત દર્શાવી ખોટું પેઢીનામું અને સોગંદનામું તૈયાર કરાવ્યું હતું. આ દસ્તાવેજોના આધારે સીટી સર્વે કચેરીમાં પોતાને જ મૃતકના વારસદાર દર્શાવી ખોટી વારસાઈ ફેરફાર નોંધ પડાવી હતી.

ફરિયાદી કાયદેસરની પત્ની હોવાનું જાણતા હોવા છતાં તેનું નામ છુપાવવામાં આવ્યું હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. આ બાબતે ફરિયાદીએ પ્રાંત કચેરીમાં વાંધા અરજી રજૂ કરી હતી. ઉપરાંત હાલોલ પ્રાંત કચેરીમાં મૃતક મહેશકુમારની બીજી મિલકત અંગે ફરિયાદીએ કરાવેલી કાચી વારસાઈ નોંધ સામે પણ આરોપીઓએ વાંધા અરજી કરી હતી. નોંધપાત્ર બાબત એ છે કે આ વાંધા અરજી દરમિયાન આરોપીઓએ મહેશકુમારને પરિણીત દર્શાવ્યા હતા, છતાં ફરિયાદી પત્ની તરીકેનું નામ ફરીથી કાઢી નાખવામાં આવ્યું હતું. આ સમગ્ર મામલે ફરિયાદીએ વડોદરા શહેરની કોર્ટમાં વિવાદ અરજી દાખલ કરતા કોર્ટ દ્વારા નવેસરથી પુરાવા રજૂ કરી કાયદેસર રીતે નોંધ કરવાની સૂચના આપવામાં આવી છે. ફરિયાદના આધારે પોલીસે સસરા પુનમભાઈ ઉર્ફે પુનાભાઈ મથુરાભાઈ માછી, સાસુ સુખીબેન પુનમભાઈ માછી તથા જેઠ રમેશચંદ્ર પુનમભાઈ માછી વિરુદ્ધ ઠગાઈ, ખોટા દસ્તાવેજો બનાવવાના અને તેનો ઉપયોગ કરવાના ગુનામાં કેસ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### ઓટલા પર બેભાન અવસ્થામાં મળ્યા હતાં

# વડસરના ઈન્દિરાનગરમાં બેભાન મળેલા યુવાનનું મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરા શહેરના વડસર વિસ્તારમાં આવેલા ઈન્દિરાનગરમાંથી આજે સવારે એક યુવક બેભાન હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ હતી. ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયેલા આ યુવકને ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરતા પરિવારમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે. માંજલપુર પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડસર ઈન્દિરાનગરમાં રહેતો ૪૫ વર્ષીય શૈલેષ અંબાલાલ મકવાણા આજે વહેલી સવારે ૯:૦૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરની બહાર ઓટલા પર અચાનક બેભાન હાલતમાં મળી આવ્યો હતો. પરિવારના સભ્યો તેને આ સ્થિતિમાં જોઈ ગભરાઈ ગયા હતા અને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ શૈલેષની પ્રાથમિક તપાસ કરી હતી, પરંતુ કમનસીબે તેને સારવાર મળે તે પૂર્વે જ તેનું મોત નીપજ્યું હતું.

તબીબોએ તેને મૃત લાવેલ જાહેર કર્યો હતો. યુવાન વયના દીકરાના અચાનક મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

આ ઘટના અંગેની જાણ થતા જ માંજલપુર પોલીસનો કાફલો હોસ્પિટલ અને ઘટના સ્થળે પહોંચી ગયો હતો. યુવકના મોત પાછળનું સચોટ કારણ હજુ જાણી શકાયું નથી. શૈલેષનું મોત હાર્ટ એટેકથી થયું છે કે અન્ય કોઈ કારણોસર, તે જાણવા માટે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. હાલમાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### છત્તીસગઢના કલ્લેમેટા પાસેના જંગલ વિસ્તારમાં આરોપી ખેતરમાં ટ્રેક્ટર ચલાવતો હતો

# વડોદરા SOGની ટીમે 27 લાખના ગાંજા કેસમાં આરોપીને છત્તીસગઢથી દબોચ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

નેશનલ હાઈવે પરથી ઝડપાયેલા રૂ.27 લાખના ગાંજાના ગુનામાં ફરાર મુખ્ય સપ્યાલરને એસઓજી પોલીસની ટીમ છત્તીસગઢના નકસલી વિસ્તારમાં આવેલા જંગલોમાં જઈને ઝડપી પાડ્યો છે. આરોપી જંગલ વિસ્તારમાં ખેતરમાં ટ્રેક્ટર ચલાવી રહ્યો હતો દરમિયાન તેને દબોચી લેવામાં આવ્યો હતો. આરોપીની વધુ પુછપરછ કરવા માટે વડોદરા કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ ની માગણી કરાશે.

હરણી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા આવતા અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર ગત તા. 22 એપ્રિલ 2025ના રોજ કમ્ફર્ટ ઈન હોટેલ પાસેથ બિનવારસી પડેલા ટ્રકની કેબિનની પાછળ બનાવેલા ખાનામાંથી 45 પેકેટમાં 270.50 કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. 27 લાખ રૂપિયાની કિંમતનો 270.50 કિલો ગ્રામ ગાંજાનો વિપુલ જથ્થો અને અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ. 35.05 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી તેનો ગુનો હરણી પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયો હતો. એસઓજીની ટીમ દ્વારા આ એનડીપીએસના ગુનામાં 23 મે 2025ના રોજ બાલોતરા (રાજસ્થાન) ખાતેથી પ્રથમ આરોપી સુરતાનખાન ઉર્ફે નીનીયા અમીનખાનને ઝડપી પડાયો હતો. ત્યારબાદ 29 જાન્યુઆરી 2026ના રોજ ગાંજાના ભરાવનાર આરોપી પુખરાજ રામપ્રતાપ બિશ્નોઇ (રહે. હેમનગર, જોધપુર, રાજસ્થાન)ને રાજસ્થાનમાંથી ધરપકડ કરીને 8 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. આ ગુના જડ સુધી પહોંચવા માટે ઈન્ચાર્જ એસઓજી પીઆઈ સી બી ટંડેલની સુચના હેઠળ પીએસઆઈ આર.એન. સીસોદીયા તથા તેમની ટીમે રિમાન્ડ દરમિયાન આરોપી પુખરાજ બિશ્નોઈને સાથે રાખીને તપાસ આગળ વધારી હતી. ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે મુખ્ય સપ્લાયર રમેશ પ્રેમારામ ડારા (બિશ્નોઇ) નું સ્થાન છત્તીસગઢના ધમતરી તેમજ નક્સલવાદી પ્રભાવિત કલ્લેમેટા ગામના જંગલી વિસ્તારમાં ખેતરોમાં છુપાયેલો હોવાનું જાણવા મળતાં એસઓજીની ટીમે નક્સલી વિસ્તારમાં જઈને જીવના જોખમે આરોપીની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન પીએસઆઈ આર.એન. સીસોદીયા અને તેમની ટીમ જંગલમાં અડધો કિલોમીટર સુધી ચાલતા ચાલતા ગઈ હતી અને છત્તીસગઢના નક્સલી એરિયામાં આવેલા કલ્લેમેટા ગામ પાસેના જંગલ વિસ્તારમાંથી રમેશ પેમારામ ડારા ખેતરમાં ટ્રેક્ટર ચલાવતો મળી આવ્યો હતો. જ્યાંથી પોલીસે આરોપી ભાગે તે પહેલા જ દબોચી લીધો હતો. વડોદરા લાવ્યાં બાદ તેની વધુ પૂછપરછ કરવા માટે રિમાન્ડ મેળવવામાં આવશે.

### રૂ.19.06 લાખના દારૂ સાથે બે ઝડપાયાં : બુટલેગર સહિત ત્રણ વોન્ટેડ

# વાઘોડિયા રોડ પર ચાલતા દારૂના કટિંગ પર LCB ઝોન-3ની રેડ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

પીસીબી બાદ એલસીબી ઝો-3ની ટીમને મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો પકડવામાં સફળતા મળી છે. બુટલેગર ભાવેશ રાજપૂતે મંગાવેલા દારૂનું વાઘોડિયા રોડ વિસ્તારમાં ટેમ્પોમાંથી દારૂનું કટિંગ ચાલી રહ્યું હતું. તે દરમિયાન એલસીબીની ટીમે રેડ કરી હતી. ત્યારે સ્થળ પરથી બે જણા ઝડપાઈ ગયા હતા. જ્યારે બુટલેગર સહિતના ત્રણને વોન્ટેડ જાહેર કર્યાં છે. પોલીસે વિદેશી દારૂ રૂ.19.06 લાખ, ચાર વાહનો અને બે મોબાઈલ સહિત રૂ.26.59 લાખનો મુદ્દામાલ કબજે કરી કપુરાઇ પોલીસને સોંપ્યો છે. પીસીબી પોલીસે ગુરુવારે જ કારમા ટાંકી બનાવીમાં તેમાં ગોવાથી દારૂ ભર લાવનારા બૂટલેગર ઝડપી પાડ્યો હતો. ત્યારે એલસીબી ઝોન-3ની ટીમ 6 ફેબ્રુઆરીના રોજ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે બુટલેગર ભાવેશ ચન્દ્રકાન્ત રાજપુત (રહે.વુડાના મકાન બાપોદ પાણીની ટાંકી વાઘોડીયા રોડ વડોદરા) વિદેશી દારૂનો જથ્થો બંધબોડી ટેમ્પોમાં ભરીને દારૂ મંગાવ્યો છે અને હાલમાં વાઘોડીયા રોડથી નારાયણ ફ્લેટ તરફ જવાના રોડ પર વાસ તળાવ કીનારે ટેમ્પો ઉભો રાખી પોતાના મળતીયા દ્વારા ટેમ્પામાંથી અલગ અલગ ગાડીઓમાં દારૂના જથ્થાનું કટિંગ ચાલી રહ્યું છે. જેના અધારે એલસીબી ઝોન-3ની ટીમ બાતમી મુજબના સ્થળ પર રેડ કરી હતી. ત્યારે સ્થળ પરથી મીતેશ મહેશ રાજપુત (રહે. લક્ષ્મીનગર સોસાયટી દયાલનગર પાસે વારસીયા રીંગરોડ કીશનવાડી વડોદરા) તથા વિક્રમ પ્રતાપસિહ બારીયા (રહે. બી.એસ. યુ.પી આવાસ વુડાના મકાન બાપોદ પાણીની ટાંકી પાસે વાઘોડીયા રોડ વડોદરા)ને ઝડપી પાડ્યાં હતા. જ્યારે સ્થળ પરથી ભાવેશ ચન્દ્રકાન્ત રાજપુત (રહે.વુડાના મકાન બાપોદ પાણીની ટાંકી વાઘોડીયા રોડ વડોદરા) , મહીન્દ્રા સ્કોર્પીયોનો ચાલક અને ટાટા ટેમ્પો લઈને આવનાર ચાલક પઠાણને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં છે. પોલીસે સ્થળ પરથી રૂ.19.06 લાખનો વિદેશી દારૂ, બે મોબાઈલ રૂ.25 હજાર, ચાર વાહનો.રૂ.7.50 લાખ તથા પ્લાસ્ટીકના ડ્રમ નંગ-26 મલી રૂ. 26.59 લાખનો મુદ્દામાલ કબજે કરી કપુરાઇ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો છે.

### પ્રેમીએ યુવતી સાથે શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવી

# ચાર માસથી ફરાર દુષ્કર્મીને પોલીસે સુરેન્દ્રનગરથી ઝડપ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

પ્રેમ સંબંધ બાંધ્યાં બાદ આરોપીએ લગ્નની લાલચ આપીને યુવતી પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. જેના કારણે યુવતી ગર્ભવતી બની અને બાળકને જન્મ આપ્યો હતો. લગ્ન નહી કરવાનું કહીને આરોપી બાળક અને યુવતી તરછોડી ભાગી ગયો હતો. ત્યારે કપુરાઈ પોલીસે આરોપીને સુરેન્દ્નનગરથી ઝડપી પાડ્યો છે. ફતેપુરા જિલલાના આશાપુર ગામે રહેતા ચિરાગ શશીર ચંદાણા ગત 29 સપ્ટેમ્બર 2025ના રોજ કપુરાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી યુવતીને વર્ષ 2022ના જુલાઈ માસથી આજદિન સુધી યુવતી સાથે પ્રેમ સબંધ બાંધ્યાં હતા અને તેણીને લગ્ન કરવાની લાલચ આપી અવાર નવાર અલગ અલગ જગ્યા પર લઈ જઈને તેની સાથે શરીર સબંધ બાંધ્યાં હતા. જેના કારણે યુવતી ગર્ભવતી થઈ હતી. યુવતીએ બાળકને જન્મ પણ આપ્યો હતો પરંતુ આરોપી બાળક તથા યુવતી તરછોડી દઈને અપનાવતો ન હતો. જેની ફરિયાદ યુવતીએ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

જેથી પીઆઈ ડી.સી.રાઓલે આરોપીને ઝડપી પાડવા માટેની સુચના આપી હતી. દમરિયાન કપુરાઈ પોલીસે હ્યુમન સોર્સીસ તેમજ ટેક્નિકલ સોર્સીસ દ્વારા શોધખોળ શરૂ કરાઈ હતી.

લોકેશન ના મળે માટે આરોપી મોબાઈલ બંધ કરી દીધો હતો અને ઘણા સમયથી પોતાના ગામમાં આવતો ન હતો. કપુરાઈ પોલીસને બાતમી મળી હતી કે આરોપી સુરેન્દ્રનગર તેમજ મહેસાણા તરફ કામ કરવા જતો રહ્યો છે.

કપુરાઇ પોલીસે સુરેન્દ્રનગર પહોંચી આરોપીને રામદેવપુરાથી આરોપી ચિરાગ શશીર ચંદાણાને ઝડપી પાડ્યો છે.

## હરણી વિસ્તારમાં દોડતી કાર આગનો ગોળો બની



વડોદરા શહેરના સતત ધમધમતા હરણી તળાવ વિસ્તારમાં ચાલુ કારમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આખી કાર બળીને ખાક થઈ ગઈ હતી. જોકે, કારમાં સવાર લોકોએ સમયસૂચકતા વાપરી તુરંત બહાર નીકળી જતાં એક મોટી દુર્ઘટના ટળી હતી.

### શહેરમાં અલગ-અલગ બનાવોમાં બાળક સહિત ત્રણ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત

# કોસંબા સ્ટેશન પર પગ લપસતા વડોદરાના મુસાફરને ગંભીર ઈજા




(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં અકસ્માતની ત્રણ અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. જેમાં કોસંબા રેલવે સ્ટેશન પર ચાલુ ટ્રેનમાં ચડવા જતાં એક મુસાફર પટકાતા તેને ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે સલાટવાડામાં રમતા-રમતા એક બાળક અને કિશનવાડીમાં લપસી પડવાને કારણે એક યુવક ઈજાગ્રસ્ત થતાં ત્રણેયને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી વિગતો અનુસાર, વડોદરાના ગજરાવાડી પાણીની ટાંકી પાસે આવેલા સાંઈનગરમાં રહેતા 37 વર્ષીય લક્ષ્મણ રાધેલાલ બન્ચા ગત રાત્રે આશરે 8:00 વાગ્યાના સુમારે કોસંબા રેલવે સ્ટેશન પર હતા. આ દરમિયાન સ્ટેશન પર ટ્રેન આવતા તેઓએ ઉતાવળમાં ચાલુ ટ્રેને ચડવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રેનમાં ચડતી વખતે અચાનક તેમનો પગ લપસી જતાં તેઓ પ્લેટફોર્મ પર પટકાયા હતા. આ દુર્ઘટનામાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક ધોરણે તેમને વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. બીજી ઘટના શહેરના સલાટવાડા વિસ્તારની છે. સલાટવાડા હનુમાનની ચાલીમાં રહેતા વિક્રમ ડોડીયાનો 6 વર્ષનો પુત્ર આરવ ગત રાત્રે 8:30 કલાકે પોતાના ઘરના આંગણામાં રમી રહ્યો હતો. રમતી વખતે અચાનક સંતુલન બગડતા તે નીચે પટકાતા તેને ઈજાઓ થઈ હતી. પરિવારજનો દ્વારા બાળકને તાત્કાલિક સયાજી હોસ્પિટલ લઈ જવામાં આવ્યું હતું. ત્રીજા બનાવમાં, કિશનવાડી ખોડીયાર ચોકમાં રહેતો 21 વર્ષીય દીપક રામુભાઈ તડવી રાત્રિના 12:00 વાગ્યાના સુમારે પોતાના ઘરે હતો. આ સમયે અચાનક પગ લપસી જવાથી તે પડી ગયો હતો, જેમાં તેને ઈજા પહોંચતા તેને પણ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

### એપોઇન્ટમેન્ટ સહિતના લેટર પર ખોટા નીકળ્યાં

# યુકેના વિઝાના બહાને એજન્ટે રૂપિયા 6.80 લાખ ખંખેર્યાં

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરાના વાડી વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિરના પુજારી સાથે યુકે વર્ક પરમિટ વિઝા બનાવવાના બહાને મોટી ઠગાઈ થયાની ઘટના સામે આવી છે. પુજારીના પુત્ર, પુત્રવધૂ અને પૌત્રીને યુકે મોકલવાનું કહી એજન્ટે રૂ.12 લાખ વસૂલ્યા હતા, પરંતુ વિઝા ન બનતા અને આપેલા દસ્તાવેજો બોગસ નીકળતા આખરે પુજારીએ વાડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

વાડી વિસ્તારના મારુ ફળિયામાં રહેતા ભરતભાઈ ઈશ્વરભાઈ રાજપુત રામચોક સ્થિત હનુમાનજી મંદિરમાં પુજા-અર્ચના કરે છે. બે વર્ષ પહેલા મંદિર ખાતે મુલાકાત દરમિયાન સ્વપ્નિલ શાહ નામના શખ્સ સાથે પરિચય થયો હતો. વાતચીત દરમિયાન વિઝા એજન્ટની જરૂર હોવાનું જણાવતાં સ્વપ્નિલ શાહે તેમને સોમાતળાવ વિસ્તારમાં ઓફિસ ધરાવતા સત્યમ ત્રિલોક શાહ સાથે મુલાકાત કરાવી હતી.સત્યમ શાહે પુજારીને તેમના પુત્ર, પુત્રવધૂ અને પૌત્રી માટે યુકે વર્ક પરમિટ વિઝા બનાવી આપવાનું કહી કુલ રૂ.16.50 લાખ ખર્ચ થવાની વાત કરી હતી. ત્યારબાદ વિશ્વાસમાં લઈને ટુકડે ટુકડે RTGS મારફતે પુજારી પાસેથી રૂ.12 લાખ વસૂલવામાં આવ્યા હતા. પછી વિઝા પ્રક્રિયા અંગે પૂછપરછ કરતાં એજન્ટે ખોટા ક્રોસ લેટર, એપોઈન્ટમેન્ટ લેટર અને ફી ભર્યાની વિગતો પુજારીના પુત્ર વિરલના મોબાઈલ પર મોકલી હતી. પરંતુ તપાસ કરતાં આ તમામ દસ્તાવેજો બોગસ હોવાનું બહાર આવ્યું હતું.વારંવાર રૂપિયા પરત માંગતા એજન્ટે માત્ર રૂ.5.19 લાખ પરત આપ્યા હતા.

જ્યારે બાકી રૂ.6.80 લાખ આજદિન સુધી પરત આપ્યા નથી કે વિઝા પણ બનાવી આપ્યા નથી. અંતે પુજારીએ એજન્ટ સત્યમ ત્રિલોક શાહ વિરુદ્ધ વાડી પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

### ત્રણ વર્ષથી નવી પાઇપલાઇન હોવા છતાં રહીશોના પાણી માટે વલખાં

# શહેરના યાકુતપુરામાં 'વિકાસ' ખોરંભે : રહીશોનો પાલિકા કચેરીએ હલ્લાબોલ



( પ્રતિનિધિ), વડોદરા. તા.6

સ્માર્ટ સિટી વડોદરામાં વહીવટી તંત્રની નિષ્કાળજીનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. શહેરના યાકુતપુરા વિસ્તારમાં આવેલ મદાર મોહલ્લાની બાજુમાં આવેલા એખલાસ મોહલ્લામાં છેલ્લા ત્રણ વર્ષથી નવીન પાણીની પાઈપલાઈન નાખી દેવામાં આવી છે, પરંતુ આજદિન સુધી તેમાં પાણી શરૂ કરવામાં ન આવતા સ્થાનિક રહીશોનો રોષ ફાટી નીકળ્યો છે. આજે કંટાળેલા રહીશોએ મોટી સંખ્યામાં પાલિકા કચેરી ખાતે મોરચો લઈ જઈ અધિકારીઓને ઉગ્ર રજૂઆત કરી હતી. સ્થાનિક રહીશ હુસેનભાઈ મુલતાની ના જણાવ્યા અનુસાર, એખલાસ મોહલ્લામાં પીવાના પાણીની સમસ્યાના નિરાકરણ માટે અંદાજે ત્રણ વર્ષ પહેલાં નવી પાઈપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. રહીશોને આશા હતી કે હવે તેમને પૂરતા દબાણથી શુદ્ધ પાણી મળશે. પરંતુ, તંત્રની આળસને કારણે આ લાઈન માત્ર કાગળ પર જ 'કાર્યરત' હોય તેમ જણાય છે. વાસ્તવિકતામાં હજુ સુધી આ લાઈનનું જોડાણ કરી પાણી આપવાનું શરૂ કરાયું નથી. સરકારી તિજોરીમાંથી લાખોના ખર્ચે પાઈપલાઈન તો નખાઈ ગઈ, પણ તેનો લાભ જનતાને મળતો નથી. હાલમાં ઉનાળો નજીક આવી રહ્યો છે ત્યારે જૂની લાઈનોમાં ઓછા પ્રેશર અથવા દૂષિત પાણીની સમસ્યાથી રહીશો પરેશાન છે. સ્થાનિકોએ અગાઉ પણ અનેકવાર મૌખિક રજૂઆતો કરી છે, પરંતુ અધિકારીઓના પેટનું પાણી હલતું નથી. આજે રહીશોએ પાલિકામાં જઈને પાણીપુરવઠા અધિકારી હેમલસિંહ રાઠોડને આવેદનપત્ર પાઠવી માગ કરી છે કે, આગામી ટૂંકા સમયમાં જ આ નવી પાઈપલાઈન વાટે પાણી પુરવઠો શરૂ કરવામાં આવે. સ્થાનિકોના જણાવ્યા મુજબ તેઓ સમયસર પાણી વેરો પણ ભરે છે, તેમ છતાં તેમને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી નથી મળી રહ્યું. જો વહેલી તકે સમસ્યાનું નિરાકરણ નહીં આવે, તો આવનારા દિવસોમાં સ્થાનિકો દ્વારા ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.